# 87

**રાજ્યમાં સી વૉટર ડિસેલીનેશન પ્લાન્ટ**

***15/8/2602 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ દરિયાના ખારા પાણીને મીઠું કરવાની યોજના (ડિસેલીનેશન પ્રોજેક્ટ) અંગે કયારે, કઇ કંપની સાથે કેટલી રકમનો કરાર કરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ દરિયાના ખારા પાણીને મીઠું કરવાની યોજના (ડિસેલીનેશન પ્રોજેક્ટ) અંગેના પ્રોજેક્ટોની કામગીરી માટે મે.શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઇવેટ લિમિટેડ, મુંબઇ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત નીચે મુજબના એસ.પી.વી. સાથે તા.૨૬/૨/૨૦૨૦ ના રોજ કન્સેશન એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. |

| ક્રમ | એસ.પી.વી નુ નામ | કરાર મુજબ મંજુર થયેલ ભાવ રૂ./૧૦૦૦ લિટર |
|---|---|---|
| ૧ | કચ્છ સીવોટર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટિડ | ૪૪.૮૫ |
| ૨ | દ્વારકા સીવોટર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટિડ | ૪૦.૭૦ |
| ૩ | ભાવનગર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટિડ | ૪૭.૮૫ |
| ૪ | ગીર સોમનાથ ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટિડ | ૪૫.૦૦ |

| | | |
|---|---|---|
| (૨) ઉકત પ્રોજેકટ કયા જિલ્લામાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ, | (૨) | ઉકત ડીસેલીનેશન પ્રોજેકટ ની કામગીરી કચ્છ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર અને ગીરસોમનાથ જિલ્લામાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત યોજનાનું કામ કયા તબક્કે છે, અને | (૩) | તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ ચારેય ડીસેલીનેશન પ્રોજેકટની કામગીરી પ્રગતી હેઠળ છે. |
| (૪) ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવશે? | (૪) | ઉકત ચારેય પ્રોજકટની કામગીરી સત્વરે પૂર્ણ કરી કાર્યરત કરવાનુ આયોજન હાથ ધરેલ છે. |

---